# 48

## વલસાડ જિલ્લામાં ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગની ફરિયાદો

*15/4/1831 **શ્રી અરવિંદ છોટુભાઈ પટેલ**(ધરમપુર): **માનનીય શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષ દરમિયાન વલસાડ જિલ્લામાં આવેલ ઔદ્યોગિક એકમો સામે શ્રમ કાયદાના ભંગ અન્વયે કેટલી ફરિયાદો મળી, | (૧) | કુલ– ૬૭. |
| (૨) | તે ફરિયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી? | (૨) | ઉક્ત ફરિયાદો પૈકી,<br>• ૨૦ ફરિયાદોમાં ૪૩ શ્રમયોગીઓને રૂ.૨૧,૫૬,૭૧૭/–નું સમજાવટથી ચુકવણું કરાવવામાં આવેલ છે.<br>• ૧૦ ફરિયાદોમાં નામદાર અદાલતમાં કુલ ૨૭ કેસો દાખલ કરવામાં આવેલ છે.<br>• ૦૪ ફરિયાદોમાં અરજદારશ્રીઓને સક્ષમ સત્તાધિકારી સમક્ષ અરજી કરવા જણાવવામાં આવેલ છે.<br>• ૦૩ ફરિયાદો બાબતે કુલ– ૦૩ કારખાના વિરુદ્ધ કુલ– ૯૯ ફોજદારી કેસો કરવામાં આવેલ છે.<br>• ૦૧ ફરિયાદમાં સંસ્થા દ્વારા શ્રમિક કાયદાનું પાલન કરવામાં આવેલ છે.<br>• ૦૧ ફરિયાદમાં સમાધાન થયેલ છે.<br>• અન્ય ૨૮ ફરિયાદોનો નિયમોનુસાર નિકાલ કરવામાં આવેલ છે. |

--------------------